# જામનગરમાં ૧૪૪૮ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત

## જામનગરમાં વડાપ્રધાન મોદીના આગમનને લઇને ભારે ઉત્સાહ : જામનગરમાં નરેન્દ્ર મોદીનું આગમન થતાં હાલારવાસીઓએ વડાપ્રધાનના આગમનને હરખભેર વધાવ્યું

જામનગર, તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધુ એક વખત ગુજરાતના મહેમાન બન્યા છે.ૅ દ્વ ૩ દિવાસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. જેનો બીજો દિવસ છે. ત્યારે ભરુચ, આણંદ અને અમદાવાદમાં વિકાસ કાર્યોની ભેટ આપ્યા બાદ વડાપ્રદાનનું હાલારની ભૂમિ પર આગમન થયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જામનગર આગમને લઈને લોકોમાં અનેરો થનગનાટ જોવા મળ્યો હતો અને જામનગરમાં જાણે કેસરીયો સાગર ઉમટ્યો હોય તેવો માહોલ છવાયો છે. શહેરમાં દિવાળી જેવા માહોલ વચ્ચે જામનગરવાસીઓ માટે આજની ઘડી રડિયામણી અને સોનાના સૂરજ સમાન છે. કારણ કે આજે ૧ હજાર ૪૪૮ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રધાનમંત્રી મોદી દ્વારા કરાયું હતું. બીજી બાજુ આજે વડાપ્રધાન નરેન્દ્ર



મોદી જામનગરમાં રાત્રિ રોકાણ કરશે જેને જામનગરવાસીઓ ઐતિહાસીક ક્ષણ ગણી રહ્યા છે. મોદી જામનગર પહોંચ્યા હતા. જ્યાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે જામનગર ખાતે સૌરાષ્ટ્રને પાણીદાર ભેટ આપી સૌની યોજનાના બીજા-ત્રીજા તબક્કાનું લોકાર્પણ ઉપરાંત ૧૪૪૮ કરોડના વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને ઇ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રદર્શન ગ્રાઉન્ડમાં વિશાળ જન મેદનીને સંબોધન કર્યુ હતું. મુલાકાત દરમિયાન વડાપ્રધાન દ્વારા સૌની યોજનાના બીજા અને ત્રીજા તબક્કાનું લોકાર્પણ કરાયું હતું. રૂ.૩૦૦ કરોડથી વધુના ખર્ચે લિંક-૧ પેકેજ-૫નું લોકાર્પણ અને રૂ.૭૦૦ કરોડથી વધુના ખર્ચે લિંક-૩ પેકેજ-૭નું લોકાર્પણ કર્યા બાદ હવે સૌરાષ્ટ્રના જળાશયો ભરાતા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ થશે.ત્યાંરબાદ પ્રદર્શન ગ્રાઉન્ડમાં વિશાળ જન મેદનીને સંબોધન કર્યુ હતું. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આજે જામનગરે વટ પાડી દીધો હો તેમ જણાવ્યું હતું.

વધુમા કહ્યું હતુ કે છોટી કાશીમાં લોકોએ અદભૂત પ્રેમ આપ્યો હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ભૂકપં બાદ લોકોએ માની લીધું હતું કે હવે ગુજરાત બેઠું નહીં થાય! પરંતુ આ ખમીરવંતી પ્રજાએ નિરાશા ખંખેરી નવેસરથી ગુજરાત ઊભું થયુ.

### ૪૯૭૮ ચો.મી. એરિયામાં બનાવાયું છે વિશાળ મોદી ભુવન

# અમદાવાદમાં મોદી શૈક્ષણિક સંકુલનું ઉદ્ઘાટન કરાયું

## ૨૦૧૩માં તત્કાલિન CM નરેન્દ્ર મોદીએ મોદી ભુવન શિક્ષણ સંકુલનો પાયો નાખ્યો હતો, ઉદ્ઘાટન પ્રસંગમાં હાજરી આપી હતી

અમદાવાદ, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં શૈક્ષણિક સંકુલનું ઉદ્ઘાટન કર્યું છે. અદ્યતન સુવિધાઓથી નિર્મિત શૈક્ષણિક સંકુલમાં હોસ્ટેલના પ્રથમ ફેઝનું પણ ઉદ્ઘાટન કર્યું છે અને ફેઝ ૨ અને ફેઝ ૩નુ ૅસ્ના હસ્તે ખાતમુહૂર્ત કર્યું હતું.



મોદી શૈક્ષણિક સંકુલનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કરતાં કહ્યું કે સમાજના સૌ આગેવાનોના દર્શન કરવાની મને તક મળી, એક જમાનો એવો હતો જ્યારે આપણા ગામમાં કોઈ તલાટી બન્યું હોય તો પણ આપણને લાગતું જાણે તે કલેક્ટર બન્યો હોય, કળિયુગમાં સંગઠનમાં જ મોટી શક્તિ છે. આગામી સમયગાળામાં ડિગ્રીવાળા કરતા હુનરવાળાની કિંમત વધવાની છે.

અમદાવાદમાં મોદી ભુવન શિક્ષણ સંકુલનું લોકાર્પણ પ્રંસગે મોદી અને સમસ્ત ગુજરાત મોઢ મોદી સમાજ ટ્રસ્ટને સંબોધન કરતાં કહ્યું કે સમાજના સૌ આગેવાનોના દર્શન કરવાની મને તક મળી તેનો આનંદ થાય છે. ગઈકાલે માં મોઢેશ્વરીના દર્શન કર્યા અને આજે સમાજ એકતાના દર્શન કર્યા, મારા ગામના લોકો મારુ સ્વમાન કરે એ મારા માટે આનંદ ની વાત છે.નાનડકો સમાજ અત્યંત સામાન્ય જીવન જીવનારા લોકો છે. આજે સમાજના આશીર્વાદ લેવાની મારા માટે ધન્ય ઘડી છે.

હુ સમાજના લોકોને અભિનંદન આપું છુ કારણ કે આપણા સમાજનો સ્વભાવ રહ્યો છે કે કોઈને નડવુ નહી, આપણો સમાજ વેર વિખેર છે, એટલે કોઈ નોંધ લે નહી. ભલે આપણે મોડા પડ્યા પણ દિશા સાચી છે. આ સમાજનો દીકરો ગુજરાતમા લાંબા સમય ઝસ પદ પર રહ્યો જે બાદ આ સમાજનો દીકરો બે વખતૅસ બન્યો. પણ આજ દિન સુધી મોઢ મોદી સમાજના એક પણ વ્યક્તિ મારા કાર્યકાળ દરમિયાન મારી પાસે કોઈ પણ કામ લઈને આવ્યો નથી.એ બદલ હું ઋણ સ્વીકારું છું. આપણે સમાજને નડ્યા નહી એમ મારે પણ કોઈને નડવુ નહોતું. હું મોદી સમાજને ૧૦૦ સલામ કરૂ છુ. આ સમાજને આદર પુર્વક વંદન કરતાં તેમણે જૂની યાદોને વાગોળી હતી અને કહ્યું હતું કે મારૂ કુંટુંબ પણ મારાથી દૂર રહ્યુ છે.

વધુમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે આજે ડીગ્રી કરતા હુનર વાળાનો દબદબો છે. તમારા બાળકને કયારેય ઓછું ન આંકો, આપણે બાળકોને પ્રોત્સાહિત કરવું જોઈએ. બાળકોને સ્કીલ ડેવલપમેન્ટ માટે તૈયાર કરો, સ્કીલ ડેવલમમેન્ટ સંસ્થામા હવે સિંગાપોર પણ આગળ છે. બાળકોને ત્યાં સ્કીલ ડેવલપમેન્ટનો અભ્યાસ આપે છે.

### આણંદ જિલ્લા, નગરપાલિકાના વિકાસકાર્યોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત

# કોંગ્રેસવાળા બોલી નથી રહ્યા નવી ગોઠવણો કરી રહ્યા છે : મોદી

## કોંગ્રેસ હમણાં ટીવીમાં નથી દેખાતી, પ્રેસ કોન્ફર્ન્સ નથી કરતી એટલે તેને હલકામાં ના લેતાં, કોંગ્રેસની ચાલ સામે સતર્ક રહેવા મોદીની સલાહ

આણંદ, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે છે, ત્યારે આજે આણંદમાં પહોંચીને પીએમ મોદી આણંદ જિલ્લા, નગરપાલિકાના વિકાસકાર્યોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરી જનતાને સંબોધિત કરી હતી.

આણંદમાં પીએમ મોદીએ જનતાને સંબોધતા કહ્યું કે,મારે તમને થોડા સતર્ક કરવા છે. આ વખતે કોંગ્રેસ પોતાની નવી ચાલ ચલાવી રહી હોય તેવું મને લાગી રહ્યું છે. આ કોંગ્રેસવાળા બોલતા નથી પરંતુ ઠંડી તાકાતથી ગામે-ગામ ગોઠવણો કરી રહ્યા છે. એમની જે જૂની ચાલાકીઓ છે.



પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, મારે એમની ટિકા નથી કરવી. એમની પાર્ટી છે, એમને કરવું પડે, પણ આપણે સતર્ક રહેવું પડે. નહીંતર ઘણીવાર આપણે ભ્રમમાં રહીએ.

આ વખતે કોંગ્રેસ નવી ચાલ ચાલી રહી છે એમ કહી મોદીએ ઉમેર્યુ કે, હમણાં ચૂંટણીમાં સતર્ક રહેવાની જરુર. કોંગ્રેસ હમણાં ટીવીમાં નથી દેખાતી, પ્રેસ કોન્ફર્ન્સ નથી કરતી એટલે તેને હલકામાં ના લેતાં. ઠંડી તાકાતથી કોંગ્રેસ ગોઠવણ કરી રહી છે, ગામડે ગામડે કોંગ્રેસ ખાટલા બેઠકો કરી રહી છે. આપણે રણનીતિમાં નવા પાસા ઉમેરવા પડશે.

પીએમ મોદીએ જણાવ્યું કે, મારા ગુજરાતની ઓળખ ફાર્મા હબ તરીકે થશે. છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાત વિકાસનું ઓળખ બન્યું છે. હવે વિધુત કાર ઉત્પાદનમાં પણ આપણે ડંકો વગાડવાનો છે. આપણે જે ગિફ્ટ સિટીનું સપનું જોયું છે. તે દુનિયામાં તાકાત આપવાનું કામ કરનારું છે. હું ગુજરાતના આવનારા દિવસો જોઇ રહ્યો છું. મને તમારા આશીર્વાદ જોઈએ.

ગુજરાતમાં ભાજપના કાર્યને લઈને પીએમ મોદીએ કહ્યું કે, ગુજરાત ભાજપ સૌનો સાથ, સૌનો વિકાસ. ગુજરાત અને ભાજપનો સંબંધ અતૂટ છે. આ સંબંધ માત્ર રાજકારણના નથી. આ તો તમારા દિલનો પ્રેમ છે, એટલે જ તમે હંમેશા કમળને ખીલતું રાખ્યું છે. ભાજપ સરકારે ગામેગામ પાકા રસ્તા બનાવ્યા, ચારેબાજુ નેશનલ હાઈવે મજબૂત કર્યા, ઘેરઘેર-ખેતરો પાણી પહોંચાડવા દિવસ-રાત કામ કર્યુ છે.

# બનાસ ડેરી બનાવશે એશિયાનો સૌથી મોટો કેટલફીડ પ્લાન્ટ

## માત્ર સાત વર્ષમાં ૮૦૦ કરોડથી ૪૦૦૦ કરોડ રૂપિયાની બનાસ ડેરીની મિલકત થવી એ પારદર્શક વ્યવહારનું ઉત્તમ ઉદાહરણઃ મહિલા પશુપાલક



બનાસ ડેરી અને ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા પાલનપુર અને વડગામ તાલુકાના પશુપાલકો માટે દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું બનાસ ડેરીના કેમ્પસમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બંને તાલુકામાંથી દૂધ ઉત્પાદનમાં અગ્રેસર રહેનાર મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી. બનાસ ડેરી દ્વારા કરાયેલ ઐતિહાસિક ભાવ-વધારો, ઝડપી પશુસારવાર વ્યવસ્થા અને પારદર્શક વ્યવહાર કરવા બદલ ચેરમેન શંકરભાઈ ચૌધરીનો આભાર માન્યો હતો. ચેરમેન શંકરભાઈ ચૌધરીએ મહિલાઓ સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે ડેરીમાં કેટલાય ચેરમેન આવ્યા અને ગયા, પરંતુ પશુપાલકો સદાય રહેવાના છે માટે, મારે એમના સુખાકારી માટે કામ કરવું છે. બનાસ ડેરીના આંગણે આયોજિત દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમમાં પાલનપુર અને વડગામ તાલુકામાંથી વિશાળ સંખ્યામાં મહિલા પશુપાલકો અને ખેડૂતોએ હાજરી આપી હતી. ચેરમેન શંકરભાઈ ચૌધરીએ પ્રેરક ઉપસ્થિતિ આપીને એશિયાની અંદર સૌથી વિશાળ કેટલ ફીડ પ્લાન્ટનું નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી તેમજ બનાસ ડેરીના પારદર્શક વ્યવહાર, ઈ્ ટેક્નોલોજી થકી ૧૦ વર્ષમાં ૧૦ લાખ ગાયની ઉત્કૃષ્ઠ ઓલાદો પેદા કરવાના લક્ષ્ય, ગૌ મૂત્રમાંથી પોટાશ અને નાઈટ્રોજન ઉત્પન્ન કરવાના નવતર આયોજન અંગે જણાવ્યું હતું.

## સાબરકાંઠા જિલ્લામાં પાછોતરા વરસાદથી હીલ સ્ટેશન જેવો માહોલ : ખેડૂતોને રડવા વારો

અરવલ્લી જિલ્લામાં પાછોતરા વરસાદની હાજરીથી અનેક વિસ્તારોમાં હીલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો હતો. વરસાદે ખેતી પાકોને વ્યાપક નુકશાન પહોંચાડયું છે. જેના કારણે ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. ખાસ કરીને વરસાદથી ખેતરમા કાઢેલ મગફળીના પાકને વધુ નુકશાન પહોંચ્યું છે. અરવલ્લી જિલ્લામાં આસો માસના નવેસરથી ચોમાસુ સક્રીય થયું હોય તે રીતે વરસાદ વરસ્યો હતો. નવરાત્રી સંપન્ન થયા બાદ વહેલી પરોઢે આકાશમાંથી ઝાકળવર્ષા વરસવાની શરૂઆત થઈ હતી જેથી ચોમાસાની વિધિવત વિદાય નિશ્વિત માનવામાં આવી હતી પરંતુ ફરીથી ચોમાસુ સિસ્ટમ સક્રિય થઈ જેના કારણે જિલ્લામાં વરસાદ વરસતાં આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરો ઘાલ્યો હતો. જિલ્લાના ધનસુરા, બાયડ, ભિલોડા, મેઘરજ, માલપુર, મોડાસા, ઈડર, પોશીના, વડાલી, વિજયનગર અને હિંમતનગર સહિતના વિસ્તારોમાં વરસાદના હળવા ઝાપટાં વરસતાં વાતાવરણ આલ્હાદક બની ગયું હતુ ગ્રામ્ય વિસ્તારોમાં હીલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો હતો. ચાર મહિનાની તનતોડ મહેનત બાદ ખેતરોમાં કપાસ અને મગફળીનો પાક તૈયાર કરી લણનીની શરૂઆત કરી પરંતુ વરસાદ વિલન બનતાં હાથનો કોળીયો છીનવાઈ ગયો છે.

# પાલનપુરમાં શરદપૂનમની રાત્રે ગરબાની રમઝટ

## શરદ પૂનમની રાતડી ઓહો... ચાંદની ખીલી છે ભલી ભાતની... સુની સુની શેરીઓમાં ગોકુળની ગલીઓમાં રાસે રમવાને વેલો આવ આવ, તારા વિના શ્યામ એકલડું લાગે











## મોડી રાત્રે દૂધ પૌવા આરતી અને પ્રસાદ લઈ ભાવિકો ધન્ય બન્યા

પાલનપુર તા.૧૦

માં જગદંબાના નવ નવ દિવસની નવરાત્રીમાં બે વર્ષ બાદ ગરબા ની રમઝટ બોલાવી સમગ્ર વિશ્વભરમાં ગરવા ગુજરાતીઓ ગરબા રમી ખૂબ ખીલ્યા ને કુદયા હતા.

ત્યારબાદ ગતરોજ શરદ પૂનમની સોળે ખીલી ઉઠેલી ચાંદની રાત્રે પાલનપુરમાં જાહેર વિસ્તારો અંબાજી મંદિર ભૂદેવ રાસોત્સવ અને પત્રકારોના પરિવારોના ફિલ્ડ રિપોર્ટર ના ગરબાએ શહેરીજનોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. માં જગદંબાની આરતી કરી પ્રસાદ લઈ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ બની ગરવી ગુજરાતણો બાળકો યુવા ધન અને ખેલૈયા ગરબામાં શરદ પૂનમની રાતડી ચાંદની ખીલી છે ભલી ભાતની તું ના આવે તો શ્યામ એકલડું લાગે તારી વાંકી રે પાઘલડી નું ફૂમતું રે. મારી માતાના હે મારી માતા ના પગલા જ્યાં જ્યાં થાય ત્યાં ત્યાં સૌનું સારું થાય.. હું તો ગઈ તી મેળે હૈયું હણાયું ને ગયું તણાઈ જોબન ના મેળા માં... જેવા પ્રાચીન અને અર્વાચીન ગરબાઓની સુરાવલીઓ સાથે ડીજે અને મ્યુઝિક ઓર્કેસ્ટ્રા ના સથવારે પાલનપુરમાં શરદ પૂનમની રાત ના ગરબા સોળે કળાએ ખીલી ઉઠ્યા હતા. મોટી બજાર ચામુંડા વિજય મંડળ જુના નવા લક્ષ્મીપુરા માનસરોવર રોડ ભાગ્યોદય સોસાયટી ના નવદુર્ગા યુવક મંડળના ગરબા ગણેશપુરા બેચરપુરા સુખબાગ રોડ ત્રણ બત્તી વિજય હનુમાન મંદિર કમાલપુરા વડલી વાળો પરુ જુના કોલેજ કમ્પાઉન્ડ સહિત આબુ હાઈવે ડીસા હાઈવે અને અમદાવાદ હાઈવે ની અનેક સોસાયટીઓ ટાઉનશીપમાં અને જુદા જુદા ખાનગી પાર્ટી પ્લોટોમાં શરદ પૂનમ ના ગરબા ની રમઝટ જામી હતી. મોડી રાત્રે શરદપૂનમની ખાસિયત એવા દૂધ પૌવાની પ્રસાદ તરીકે મજા માણી હતી. અને આવતા વર્ષે વહેલા પધારવા માં જગદંબાને ભાવભીની આજીજી કરી હતી.